# <u>નામદાર પ્રિન્સિપાલ સીનીયર સીવીલ કોર્ટ,પોરબંદર</u>
## રે.સમરી દિવાની દાવા નં.૩/૨૦૦૬

## <u>–:પ્રતિવાદીપક્ષની આંક–૩૯ની લીવ ટુ ડીફેન્સ માટેની અરજી લગત હુકમ:–</u>

અરજી વંચાણે લીધી. સાંભળ્યા, વાદીપક્ષ સદર દાવામાં સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર–૩૭ના કોઈ જ તત્વો પુરા પડતા ન હોય તેથી સમરી દાવા તરીકે હાલનો દાવો ચાલી શકે નહિ. વાદી એ હાલનો દાવો પ્ર ોમીસરી નોટના આધારે દાખલ કરેલ છે પરંતુ સદરહુ પ્રોસીસરી નોટના આધારે સમરી દાવો તરીકે દાવો દાખલ થઈ શકે નહિ. વાદીએ હાલના દાવામાં ૧૮ ટકા લેખે વ્યાજની માંગણી કરેલ છે. જે વ્યાજ બાબતેનો કોઈ જ  કરાર થયેલ ન હોય જેથી વાદીએ માંગેલ વ્યાજ માંગવા મેળવવા હકકદાર થાય છે કે કેમ ? તે બાબતે પુરાવાથી જ નિર્ણિત કરવાનો રહેતો હોય પુરાવા લીધા વગર આ અંગે નિર્ણય થઈ શકે તેમ ન હોય જેથી પણ લીવ ટુ ડીફેન્સ માટે પરવાનગી આપવાના પુરાતા અને વ્યાજબી કારણો છે.

વધુમાં રજુઆત છે કે વાદીએ અમારી સામે અમે દિવાની મુકદમા નં. ૧૦/૨૦૦૬થી દાવો દાખલ કરેલ જેથી સદરહુ દાવામાં વાદી જે કોઈ દાદ માંગી શકતા હોય તેવી તમામ દાદ એકી સાથે જ વાદીએ માંગી લેવી જોઈએ જેથી પણ લીવ ટુ ડીફેન્સ આપવા પુરતા અને વ્યાજબી કારણો છે.વધુમાં રજુઆત છે કે હાલના દાવામાં કાયદા તથા હકીકતોના ઘણા જ મહત્વના સવાલો રહેલ હોય લીવ ટુ ડીફેન્સ આપવાથી ન્યાયનો હેતુ જળવાઈ રહે તેવા પુરતા કારણો રહેલ છે. જેથી અરજી મંજુર કરવા રજુઆત છે.

પ્રતિવાદીપક્ષે નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે.

૧) એ.આઈ.આર.૨૦૦૪(બોમ્બે)૯૯
શ્રીમતિ શીલઅરોરા વિ.સંજય શ્રીવાસ્તવ

૨) જી.એલ.એચ.૨૦૧૮(૩) ૨૮૧

*દિવાની કાર્યરીતિ સંહિતા ૧૯૦૮ હુકમ–૩૭ નિયમ–૩ સમરી દાવો/સ્યુટ–બચાવની છુટટી/રજા પ્રતિવાદીએ વાદી પાસેથી માલ ખરીદેલ પરંતુ બિલમાં થતી રકમ ચુકવેલ નહિ–વાદીએ સમરી દાવો દાખલ કરેલ–પ્રતિવાદીએ બચાવ કરવાની રજા માંગણી દવારા દાવો લડેલ–અદાલતે અરજી નકારેલ–પ્રતિવાદી દવારા બજવણી કરવા અરજી દાખલ કરેલ વસ્તુઓની જાતના અગત્યના મુદા ધ્યાનમાં ન લેવા બાબતે અંશતઃ રકમનું ચૂકવણું અને હકુમત માટે વાંધા ઉઠાવેલ–ઠરાવ્યુ, જયારે બચાવ ચલાવવા યોગ્ય,શકય અને ટકવાપાત્ર હોય ત્યારે બચાવની પરવાનગી નકારી શકાય નહિ– બાબત નવેસરથી નકકી કરવા બચાવની પરવાનગી મંજુર કરવા માટે પરત મોકલેલ.*

વાદીપક્ષે પ્રતિવાદીની આંક–૩૯ની અરજી વિરુધ્ધ જવાબ આપેલ નથી. વાદીપક્ષે વિ.વકીલશ્રીની રજુઆત છે કે પ્રતિવાદીએ એપીયરન્સ વખતે સરનામુ આપવાનું રહે છે તે રજુ નથી. આંક–૮થી સીધી સીધી લીવ ટુ ડીફેન્સની અરજી કરેલ છે. સમન્સ ફોર જજમેન્ટ માટે વાદી એપ્લાય થયા પછી લીવ ટુ ડીફેન્સની અરજી આપેલ છે. છ વર્ષ પછી એપ્લાય થયેલ છે તે પછી ફરીથી સમન્સ ફોર જજમેન્ટની આંક–૩૫થી વાદીપક્ષે અરજી આપેલ છે. જયારે પ્રતિવાદીપક્ષે દિવસ–૧૦માં લીવ ટુ ડીફેન્સની અરજી

કરી ન હોય તો નામંજુર કરવી જોઈએ.

વાદીપક્ષે નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે.

1)AIR 2002 DELHI 345 Kisshan Bharwany Vs V.P.Aggarwal

*CivilP.C.( 5 of 1908) O.37 R.3-Plaintiff when entitled to judgement -Defendant in circumstances presumed to be served with summons for judgment -Failure of defendant to apply for judgment -Failure of defendant to apply for judgment within prescribed time-Plaintifff held, entitled to judgment under O.37, R.3(6).*

2)AIR 2002 BOMBAY 32, Oil and Natural Gas Corpo.ltd.Vs State Bank of India

*Civil P.C. (5 of 1908) O.37 R.3(5)-Bombay High court original side rules (1957). R.221(2)-Summary suit-Unconditional leave to defend-Grant of , by High court-Supreme Court in appeal while vecating order granting unconditinal leave, has dismissed application filed by defendant for leave to defend-In circumstances, it would be wholly in -appropriate to read judgment of supreme court as meaning that there was a remand to the High Court for fresh consideration of whether defendnat should be granted leave to defendd suit-Thus Defendant would not be entitled to leave to defend-Consequrntly plaintiff should be entitled to judgment and decree, especially in circumstances of case.*

વાદીપક્ષે રજુઆત છે કે સદરહુ ચુકાદાને ધ્યાને લઈ પ્રતિવાદીપક્ષની આંક–૩૯ની લીવ ટુ ડીફેન્સની અરજી નામંજુર કરવા રજુઆત છે.

બંન્ને પક્ષોની રજુઆતો અરજીની હકીકતો તથા રેકર્ડ ધ્યાને લેતા સદરહુ કામે વાદીપક્ષે રજુ કરેલા ચુકાદાઓ વંચાણે લેતા તેમજ ઠરાવેલ સિધ્ધાંતો સાથે આ અદાલત સહમત થાય છે પરંતુ કેસના સંજોગો તથા હકીકતો ધ્યાને લેતા સદર ચુકાદા વાદીપક્ષને મદદરૂપ થતા નથી. સદર કામે બંન્ને પક્ષોએ બે–બે વખત અરજીઓ આપેલ છે. તથા પ્રતિવાદીપક્ષની આંક–૩૯ની અરજીનો જવાબ વાદીપક્ષે રજુ કરેલ નથી. જે તમામ સંજોગોને ધ્યાને લેતા પ્રતિવાદીપક્ષની આંક–૩૯ની લીવ ટુ ડીફેન્સની અરજી મંજુર કરવા ન્યાયી અને વ્યાજબી કારણ જણાય છે જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

પ્રતિવાદીપક્ષની આંક–૩૯ની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

રજીસ્ટારશ્રી,સીવીલ કોર્ટ,પોરબંદરનાએ સદર સમરી દાવાને રેગ્યુલર દાવા તરીકે દાવા રજીસ્ટરે લેવા આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

( એન.એ.ઈજનેર )
(જી.જે.૦૦૪૮૪)
પ્રિન્સિપાલ સીનીયર સીવીલ જજ
પોરબંદર

તા.૩૧/૦૧/૨૦૧૯